
# સાર્ધ શતાબ્દીની પૂર્ણાહુતિએ મહાત્માને મનવંદન

## ગાંધીજીના આર્થિક સિદ્ધાંતો આજે પણ એટલા જ સુસંગત છે

દેશની આર્થિક પરિસ્થિતી વિષે દેશ અને વિદેશમાં મત-મતાંતરો પણ છે. એક વર્ગ સ્પષ્ટ રીતે એવું માને છે કે દેશ આર્થિક મંદીમાંથી પસાર થઈ રહ્યો છે અને આવતા વર્ષોમાં મંદીની પક્કડ વધારે મજબૂત બનશે. બીજો એક વર્ગ એવું માંને છે કે હાલની આર્થિક પરિસ્થિતી સામાન્ય છે અને દેશ આર્થિક વિકાસ કરી રહ્યો છે તેની નિશાની છે. બન્ને વર્ગની દલિલો અને પ્રતિ-દલિલો થકી દેશની આમ જનતાના મનમાં આર્થિક મંદીની એક દહેશત બેસી ગઈ છે અને એવું માનવા લાગી છે કે નજીકના ભવિષ્યમાં આર્થિક મંદી વધારે ભરડો લેશે.



૧૯૩૦ના દાયકામાં વિશ્વના મોટા ભાગના દેશોમાં આર્થિક મંદીએ ભરડો લીધો હતો. એ સમય દરમ્યાન બ્રિટિશ અર્થશાસ્ત્રી જ્હોન મેનાર્ડ કેઈન્સે અર્થશાસ્ત્રની એક થીયરી પ્રસ્થાપિત કરી હતી. એ થીયરી હતી “જનરલ થિયરી ઓફ એમ્પ્લોયમેન્ટ, ઈન્ટરેસ્ટ એન્ડ મની” અર્થાત “રોજગાર, વ્યાજ અને નાણાનો સામાન્ય સિધ્ધાંત”. એ સમયે મંદીમાં સપડાયેલા જે કોઈ દેશોએ જ્હોન કેઈન્સે આપેલા સિધ્ધાંતો પ્રમાણે આર્થિક પગલાં ભર્યા હતા તેઓને મંદીમાંથી બહાર નિકળવામાં એ સિધ્ધાંતો ખૂબ જ ઉપયોગી સાબિત થયા હતા. ગાંધીજીની આર્થિક વિચારસરણી ખૂબ જ સ્પષ્ટ, સરળ, બુદ્ધીપૂર્વકની અને સચોટ હતી. જ્હોન કેઈન્સે આપેલા અર્થશાસ્ત્રના સિધ્ધાંતો અને ગાંધીજીના આર્થિક વિકાસને લગતા કેટલાક વિચારો વચ્ચે સુમેળ છે. કેટલાક વિચારો એકબીજાના પૂરક હોય એવું પણ લાગે છે. કેઈન્સના સિદ્ધાંતોનોની જેમ જ ગાંધીજીના આર્થિક વિચારોનો જો ચોક્કસ રીતે અમલ કરવામાં આવે તો દેશની હાલની આર્થિક પરિસ્થિતીમાં સુધાર લાવવા માટે ચોક્કસ રીતે મદદરૂપ થઈ શકે.

આ દેશમાં થયેલી ઘણીબધી ચળવળોના પ્રણેતા ગાંધીજી હતા. એ ચળવળો પણ નવોન્મેષ હતી અને મોટાભાગની ચળવળો સફળ થઈ હતી. તેમાંની એક ચળવળ હતી ‘સ્વદેશી ચળવળ’. આ ચળવળ પાછળનો ગાંધીજીનો મુખ્ય ઉદ્દેશ્ય હતો આત્મ-નિર્ભરતા. જે દેશ આર્થિક રીતે વધુ ને વધુ આત્મ-નિર્ભર હોય એ દેશના આર્થિક વિકાસનો પાયો મજબૂત બનતો હોય છે. કેટલાક વર્ગના લોકો આજે પણ ગાંધીજીના આ વિચારનો ચુસ્ત રીતે અમલ કરી રહ્યા છે અને ગાંધીજીની એ વિચારનો પ્રચાર-પ્રસાર કરી ચળવળને આગળ વધારી રહ્યા છે. તેઓને ઘણે અંશે તેમાં સફળતા પણ મળી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સપ્ટેમ્બર, ૨૦૧૪માં આપેલો ‘મેઈક ઈન ઈન્ડીયા’ નો વિચાર અને તેનું અમલીકરણ એ ગાંધીજીએ આદરેલી ‘સ્વદેશી ચળવળ’ નો જ એક ભાગ છે.

ગાંધીજીએ કુટીર ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ, હસ્તકળા ઉદ્યોગ અને ગૃહ ઉદ્યોગો ઉપર ભાર મૂકીને કહ્યું હતું કે આ ઉદ્યોગો જો તેના આસપાસનાં વિસ્તારોમાંથી જ પ્રાપ્ય કાચો માલ, કારીગરો અને મજૂરોનો ઉત્પાદનમાં ઉપયોગ કરે તો રોજગારી વધી શકે અને પાયાનો આર્થિક વિકાસ થઈ શકે. જ્હોન કેઈન્સે પણ પોતાના સિધ્ધાંતોમાં વધુમાં વધુ ભાર રોજગારી ઉપર મૂક્યો હતો. ગાંધીજીનાં આ વિચારોને પ્રોત્સાહન આપવા અને અમલીકરણ માટે કેન્દ્ર સરકારમાં ‘મીનીસ્ટ્રી ઓફ એમ. એસ. એમ. ઈ.’ ખાતું વર્ષોથી કાર્યરત છે. આ પ્રકારના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે તથા રોજગારી વધારવા માટે સરકારે વિવિધ પ્રકારની પ્રોત્સાહક યોજનાઓ પણ અમલમાં મૂકી છે. જેમાં ‘મુદ્રા લોન’ જેવી ધિરાણ યોજનાઓ મહત્વની છે.

ગાંધીજીએ બીજો એક વિચાર આપ્યો હતો કે “એક નાનું પગલું મોટા કુદકા સુધી લઈ જઈ શકે છે” ગાંધીજીનો આ વિચાર પરોક્ષ રીતે બચત અને રોકાણનાં મહત્વને સમજાવે છે. નબળામાં નબળો નાગરિક પણ જો નાની એવી બચત કરે અને તેનું આર્થિક વળતર મળે એવી રીતે રોકાણ કરે તો તે દેશનાં આર્થિક વિકાસમાં મહત્વનો ફાળો આપી શકે છે. કેઈન્સનાં સિધ્ધાંત પ્રમાણે સરકાર દ્વારા જો જાહેર કામો માટે વધુમાં વધુ ખર્ચ થાય તો રોજગારી વધે, લોકોની આવક વધે, આવકમાંથી ખર્ચ થાય, બચત વધે, માંગ વધે અને, બચતનું રોકાણ થાય તો ઉત્પાદન વધે, પરિણામે રોજગારી વધે આમ આ ચક્ર ચાલ્યા કરે અને દેશ આર્થિક મંદીમાંથી બહાર આવી શકે. દેશનાં કરોડો નાગરિકો પાસે સચવાયેલી નાની-નાની બચતને બેંકિંગ ક્ષેત્ર દ્વારા એકત્ર કરીને ઉત્પાદન ક્ષેત્રે તેનું રોકાણ થાય તે હેતુથી સરકારે ‘જન-ધન યોજના’ દાખલ કરી હતી તેની પાછળ ગાંધીજીનાં વિચારો જ છે એવું કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય. વિકિપીડિયાનાં આંકડા પ્રમાણે ‘જન-ધન યોજના’ અંતર્ગત રૂપિયા ૭૯૨ બિલિયન જેટલી રકમ બેંકોમાં થાપણ રૂપે એકત્ર થઈ હતી. આટલી મોટી રકમની થાપણને બેંકો ધિરાણ દ્વારા ઉત્પાદન ક્ષેત્ર રોકાણ કરીને ઉત્પાદકતા અને રોજગાર ક્ષેત્રે મહત્વનો ફાળો આપી શકે છે.

ગાંધીજીને ક્રાંતિકારી આર્થિક વિચારો માત્ર વિચારો જ ન હતાં પણ કેઈન્સ જેવા અર્થશાસ્ત્રીએ સુચવેલા સિધ્ધાંતો જેવા હતા છતાં સમજવામાં અને અમલીકરણ માટે પણ ખૂબ જ સરળ અને સહેલા હતાં. ગાંધીજીનાં આર્થિક સિધ્ધાંતોનું એક યા બીજી રીતે માત્ર આપણાં દેશનાં જ નહીં, વિદેશોમાં પણ અમલીકરણ થઈ રહ્યું છે.

સાંપ્રત સમયમાં આપણું અર્થતંત્ર જ્યારે ચિંતાજનક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે ગાંધીજીનાં આર્થિક સિધ્ધાંતોની પુનઃવિચારણા થાય, અમલમાં મૂકી શકાય એવા સિધ્ધાંતોને અમલમાં મૂકવા માટે લાંબા ગાળાનું આયોજન થાય અને તેનું નિશ્ચિત રીતે અમલીકરણ કરવામાં આવે તો લાંબા ગાળે આર્થિક પરિસ્થિતીમાં ઠોસ અને પાયાના સુધારા લાવી શકાય, બ્રિટીશ શાસન દરમ્યાન ગાંધીજીની હયાતી સમય ગાંધીજીનાં આર્થિક સિધ્ધાંતો જેટલા સુસંગત હતાં, એટલા જ સુસંગત સાંપ્રત સમયમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે.

**- વિનોદ અમલાણી**

## ગાંધીજીને મન સત્ય એટલે શું ?

ગાંધીજીએ જે નૈતિક નિયમોનું વિવેચન અનેક જગ્યાએ કરેલ છે, તેમના આ બધા વિવેચનો પર જ્યારે તટસ્થ અને શુધ્ધ ભાવે વિચાર કરીએ છીએ ત્યારે એમ લાગે છે, કે ગાધીજી એક મહાન આધ્યાત્મિક પુરુષ હતા. તેઓ એક સર્વાંગી આધ્યાત્મિક પુરુષ હતા, તેઓએ જે નૈતિક નિયમોનુ વારંવાર ઉચ્ચારણ કરેલ છે, તેનુ પાલન માનવજાતે વ્રતોની માફક કરવુ જોઈએ, આ વૃતોનુ પાલન એ જ આત્માનુભુતીનો સાચો માર્ગ છે,

વ્રતોનો અર્થ છે, જે કર્મ કરવાનું જીવનમાં ઉચીત છે, સત્ય સ્વરુપ છે, ગમે તેવાં કર્મો વિઘ્નો સહન કરીને પણ કરવાં. આમ વ્રતો એ આંતરિક શક્તીનો સ્ત્રોત છે વ્રતોના નૈતિક નિયમો પર ચાલવાને માટે પણ અવિચળ નિશ્ચય શક્તી જોઈએ છે, આંતરિક નિશ્ચય અને સંકલ્પ શક્તિ જ જીવનમાં આંતરિક પરિવર્તન આણે છે.

ગાંધીજીના સમગ્ર જીવનમાં વ્રતોમાં આત્મિક સત્યને પ્રથમ સ્થાન છે, જ્યારે બીજું સ્થાન પોતાની પરમચેતનાની જાગ્રુતિને છે અને ત્રીજું સ્થાન વર્તમાનમાં સ્થિરતા છે. ચોથું સ્થાન અભયનું છે, જેને પરિણામે તેઓ મોહનમાંથી મહાત્મા બની શક્યા હતા.

ગાંધીજી બે પ્રકારના સત્ય બતાવતા હતા. એક છે સાધન રુપ સત્ય જેમકે માણસ પરિસ્થિતિ પ્રમાણે એને જાણી શકે ત અને આચરી શકે છે, જે આત્મિક સત્ય છે, જે અહંકાર રહિત થતાં જ આત્માના અવાજ દ્વારા આત્માના સત્યને સાંભળી શકાય છે, અને તે અવાજ પ્રમાણે વ્યવહાર અને આચરણ કરવુ તે જીવનનુ એક વૃત છે. બીજું છે સાધ્યરુપ સત્ય જે નિરપેક્ષ, સાર્વભોમ, પુર્ણ સત્ય છે, જે દેશ અને કાળથી ઉપર છે, જે પરમાત્મા સ્વરુપ છે, જેનું વાસ્તવમા અસ્તિત્વ છે, જે સર્વજ્ઞ, સંપુર્ણ, શાશ્વત, વિશાળ અને જ્ઞાન રુપ છે, અને તેમાં સ્થિરતા એ જ શાશ્વત આનંદનો સ્ત્રોત અને જ્ઞાન સંપન્ન થવુ છે, એટલા માટે જ આ સત્યને સચ્ચીદાનંદ રુપ કહેલ છે.

ગાધીજી પોતે પરમાત્માના સત્ય સ્વરુપના પુજારી હતા, એમને પુરો વિશ્વાસ હતો, કે આત્મિક સત્ય દ્વારા જ આંતરિક ઉર્ધ્વીકરણ શક્ય બને છે અને આત્મિક સત્ય જ વિજય અપાવે છે. જીવનમાં અસત્ય દ્વારા કદી પણ આંતરિક ઉર્ધ્વીકરણ કે પરિવર્તન શક્ય જ નથી, અને અસત્ય દ્વારા વિજય કદી પણ શક્ય જ નથી, એમ તેઓ સ્પષ્ટ પણે માનતા હતા. તેઓ કહેતા પણ ખરા કે અસત્યનું અસ્તિત્વ જ નથી, તેથી અસત્ય દ્વારા વિજય શક્ય જ નથી.

ગાંધીજીએ પરમ ચેતનામાં જાગૃતતા પ્રાપ્ત કરી હતી , આત્મિક સત્યનું સત્યતાપૂર્વક આચરણ અને વ્યવહાર કર્યો હતો અને વર્તમાનમાં સ્થીર હતા, જેથી તેઓ અભઈ બની રહ્યા છે, અજ્ઞાન તેની પાસે આવ્યું જ નથી ને જ્ઞાનમાં સ્થીર રહ્યા છે, જેથી સત્ય પોતાના જીવનમાં પ્રકાશીત થયેલ છે. સત્યનો અને અહીંસાનો ફેલાવો એટલે જ ગાંધીજી છે.

પોતાના જીવનમા કોઈપણ હકીક્ત છુપાવી નથી, દબાવી નથી, અને પોતાની ભુલનો સ્વીકાર કરતા જરા પણ અચકાયા નથી કે ડર્યા નથી. તેમણે પોતાના પિતાને ચિઠી લખી પોતાની ભુલ કબુલ કરી અભયતાનો પરિચય કરાવ્યો છે.

ગાંધીજી સત્યને પરમાત્માના રૂપમાં જ જોતા હતા. વેદ અને ઉપનિષદોએ પણ કહ્યું છે કે, સત્ય બોલ અને સત્યનું આચરણ કર, એ જ ધર્મ છે. આ જીવનનાં શાશ્વત સત્યો છે. આ વચનો પર ગાંધીજીને અવિચળ વિશ્વાસ હતો અને શ્રદ્ધાપૂર્વક આચરણ કરી બતાવ્યુ છે.

**- તત્વચિંતક વી પટેલ**



## ૨૧મી સદી તો ટૅકનોલોજીની માનવમૂલ્યોની દ્રષ્ટીએ ગાંધીની

સંતની ભાષા જેવી ગાંધીજીની ભાષા સરળ, સબળ, દિલ જીતી લે તેવી અને આચરણમાં મૂકેલી હતી. એક વખત સરહદના ગાંધી મહાત્મા ગાંધીને મુસ્લિમ સ્ત્રીઓની સભામાં ભાષણ કરવા લઈ ગયા. આ મુસ્લિમ સ્ત્રીઓ આખું શરીર બુરખો પહેરીને ઢાંકીને બેઠી છે. આંખોની આગળ જોઈ શકાય તે માટે ફકત નાની જાળી છે. ગાંધી બાપુ દસ મિનિટ બોલ્યા હશે ત્યાં બધી બહેનોએ બુરખા કાઢીને ગોટો વાળીને ઢીંચણ નીચે દબાવીને સાંભળવા માંડી. સરહદના ગાંધી એ પૂછ્યું કે આમ કેમ કર્યું તો કે “ પીરોં સે પરદા ક્યા રખના? ”

તેઓ કોઈ કલાકાર નહોતા પણ પોતાના આત્માના સૌંદર્યને ઓળખતા હતા. ભારતીય સંસ્કૃતિ વિશે યરવડા જેલમાં લખવાની શરૂઆતમાં લખ્યું કે “ જગતની સંસ્કૃતિઓમાં ભારતની તોલે આવે એવી એકેય સંસ્કૃતિ નથી.” પણ ત્યાં તેમની કલમ અટકી ગઈ અને આગળ કંઈ લખ્યા વગર તેઓ સૂનમૂન બેસી રહ્યા અને અંતરનો અવાજ સંભળાતાં તેમની આંખમાંથી દડદડ આંસુ ટપકવા મંડ્યાં. તેમના આત્માએ કહ્યું કે, “ ...તેં આવું વાક્ય શું જોઈને લખ્યું ? મારી નજર સામે અસ્પૃશ્યો તરવરવા માંડ્યા, મને એમ થયું કે આ લોકો જે સંસ્કૃતિમાં આ દશામાં હોય, તેની તોલે કોઈ આવે એમ નથી એવું હું કેમ લખી શક્યો? ” ત્યારબાદ આગળ કંઈ ન લખ્યું અને તે ચોપડી અધૂરી રહી. એમના કર્મયોગી જીવનથી તેઓ વિશ્વ વિખ્યાત બન્યા હોવા છતાં ગાંધીજીમાં ભારોભાર નમ્રતા ભરી હતી.

દેહલીમાં ચાલતાં હિંસાના બનાવો સામે લડત આપવા માટે બાપુએ ઉપવાસ ઉપર ઉતર્યા. ચોથા દિવસે તબિયત ખરાબ થતાં ડૉકટરોએ બાર કલાકમાં ઉપવાસ છોડવા કહ્યું નહિં તો તેમની જાનને ખતરો હતો. લોકોએ તેમને દેહલીમાં શાંતિ થઈ ગઈ છે તેવું કહી ઉપવાસ છોડવા સમજાવવાની કોશિશ કરી પણ તે તમામ કોશિશો નિષ્ફળ રહી. ત્યારે ખુદ બાપુએ નેતાજી સુભાષચંદ્રના સિપાઈ શાહનવાજને બોલાવી પૂછ્યું કે “ ...તમે સાચું બતાવો કે ખરેખર દેહલીમાં જુલ્મ અને હિંસા ખત્મ થઈ ગયા છે? ” ત્યારે શાહનવાજે જવાબમાં કહ્યું કે “અભી ભી બાહર ખડે હુએ લોગ નારે લગા રહે કિ ગાંધી કો મરને દો !” તેના ઉત્તરરૂપે બાપૂએ જણાવ્યું કે “ અગર ગાંધી કા ઉસૂલ મર જાયે, તો સમજો કી ગાંધી જિન્દા હી મર ગયા હૈ; લેકિન અગર ગાંધી મર જાયે ઔર ગાંધી કા ઉસૂલ જિન્દા હૈ, તો સમજો કિ ગાંધી હમેશા કે લિએ જિન્દા હૈ. ”

ગાંધીએ ૧૯૧૯માં મુંબઈમાં સારા ઘરની સ્ત્રીઓને દેશની આઝાદીના સંગ્રામ માટે લડત આપવા પ્રોત્સાહિત કરી.

લ્યુથર કિંગ જુનીયર, મહાત્મા ગાંધીને એમની અહિંસક લડતના એક પ્રેરણામૂર્તિ માનતા હતા. એમણે લખ્યું છે : “God gave me message, Gandhi gave me method.” સત્ય, અહિંસા એમના શરીરરૂપી બીબામાં ગોઠવાયેલા હતા.

સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાને કહ્યું છે કે ‘ અમને ગાંધીજીએ મોટામાં મોટી વાત જો શીખવી હોય તો અહિંસાની. આખી પઠાણ કોમને ગાંધીજીએ બચાવી લીધી. અહિંસા ના હોત તો અમે એક બીજાને મારીને ખલાસ થઈ ગયા હોત.’

**- સતીષદાન ચારણ**

# એક માનવ બીજા માનવ સાથે જેવું વર્તન કરે તેવું એમણે સૌ સાથે કર્યું

ગાંધીજી વિશે વાત નીકળે ત્યારે ગાંધીજીના સમર્થકો અને વિરોધીઓ પણ એક સવાલ અવશ્ય કરે છે, ‘ગાંધીજી આજે કેટલા પ્રસ્તુત છે ?’

આ સવાલનો જવાબ આ સવાલમાં જ છુપાયેલો છે. વારે-તહેવારે, પ્રસંગોપાત કે વારે-ઘડીએ ગાંધીજીને યાદ કરવા પડે એ જ દર્શાવે છે કે એ કેટલા પ્રસ્તુત છે !

અને એ પ્રસ્તુત છે એના માટેનાં કારણો ઘણાં છે. મહત્ત્વનું કારણ એ છે કે એમણે જે વાત કરી છે એ નૈતિકતાની વાત કરી છે, માનવતાની વાત કરી છે.

સર્વધર્મ સમભાવ હોય કે સર્વમાનવ સમભાવ, સત્ય હોય કે અહિંસા, અસ્તેય હોય કે અપરિગ્રહ, સંયમ હોય કે અભય બધી જ બાબતો માનવની નૈતિકતા સાથે, માનવીનાં મૂલ્યો સાથે સંકળાયેલી છે. આ જ અનો આવા જ પ્રકારની વાતો ગાંધીજીએ પોતાના જીવનમાં અપનાવી છે અનો પોતાના આચરણના માધ્યમથી એમણે અન્ય લોકોને પણ આ બાબતો અપનાવવા, કહો કે માનવતાથી, નૈતિકતાથી ચાલવા માટેની સલાહ આપી છે.

તેમ છતાં ગાંધીજીનો વિરોધ પણ થાય છે. અલબત્ત, ગાંધીજીનો વિરોધ એ હયાત હતા ત્યારે પણ થતો જ હતો. હા, વિરોધનો એ અવાજ એમની પ્રતિભા નીચે દબાઈ જતો કે ધીમો પડી જતો હતો. હવે એમની હયાતીની પ્રતિભા નથી એટલે વિરોધનો આ અવાજ આપણને સ્પષ્ટ સંભળાય છે. પૂના આ વાતનું જીવંત સાક્ષી છે. ગાંધીજીની હત્યા થઈ હોવાના સમાચાર પૂનામાં ફેલાયા ત્યારે પૂનામાં એમના વિરોધીઓએ પેંડા વહેંચીને ખુશાલી મનાવી હતી. અને હવે તો વ્યક્તિ સ્વાતંત્ર્યનો વાયરો બેકાબૂ બન્યો છે એટલે એની ઝપટમાં ગાંધીજી પણ આવી જાય એ સ્વાભાવિક છે.

ગાંધીજીનો વિરોધ થતો દેખાય કે એમના વિશે ઘસાતું અથવા નકારાત્મક બોલાતું સંભળાય ત્યારે સ્વ. નારાયણભાઈ દેસાઈએ કહેલી વાત યાદ આવે, ‘ગાંધીજીનો વિરોધ એ જ લોકો સૌથી વધારે કરે છે જેઓ ગાંધીજી વિશે ઘણુંખરું જાણતા જ નથી.’ મતલબ કે ગાંધીજી વિશે અધૂરી જાણકારી રાખનારા કે અધકચરી માહિતી રાખનારા જ ગાંધીજીનો વિરોધ કરે છે. આવા લોકો પાસે ગાંધીજીનો વિરોધ કરવા માટે કોઈ નક્કર પુરાવા હોતા નથી, એમણે ગાંધીજીનાં પુસ્તકો કે ગાંધીજી વિશે લખાયેલાં પુસ્તકો, લેખો વગેરે પૂરતા વાંચ્યા હોતા નથી. બસ કોઈએ કહેલી કે ક્યાંકથી સાંભળેલી એકાદ વાતને પકડીને તેઓ ગાંધીજી અંગે પોતાનો મત પ્રગટ કરી દે છે.

ગાંધીજીનો વિરોધ કરવો હોય કે એમને ખોટા સાબિત કરવા હોય તો એ કોઈ એક વ્યક્તિની ક્ષમતાની વાત પણ નથી. કારણ કે એમને ખોટા સાબિત કરવા માટે એમની કક્ષા સુધી પહોંચવું પડે, જે કોઈ એક વ્યક્તિ માટે શક્ય નથી. ગાંધીજી એક લોકનેતા તરીકે, લેખક તરીકે, પત્રકાર તરીકે, સમાજસેવક તરીકે, વક્તા તરીકે, દેશનેતા તરીકે, અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવનારા અગ્રણી તરીકે, પરદેશમાં દેશના પ્રતિનિધિ તરીકે, સંસ્કૃતિના સંવાહક તરીકે, દબાયેલા વ્યક્તિઓના અવાજ તરીકે, સર્વધર્મના પ્રચારક તરીકે એમ અનેક ભૂમિકાઓમાં જીવ્યા છે. એ બધી ભૂમિકાઓ પૈકી ગાંધીજી ક્યાં ખોટા હતા એ સમજવું હોય તો આ બધી જ ભૂમિકાઓ સમજવી પડે, એમાં



પ્રસંગસર

કુંતલ નિમાવત

knn786@gmail.com

એમનું યોગદાન ચકાસવું પડે, પછી નિર્ણય કરી શકાય કે ગાંધીજી ખોટા હતા કે સાચા ?

ગાંધીજી અંગે આટલો અભ્યાસ કોણે કર્યો છે ? એમના વિરોધીઓની જબાનમાં કહીએ તો ‘શું કામ કરવો પડે ?’

ગાંધીજીએ ક્યારેય પોતાનો અભ્યાસ કરવાનું કોઈને કહ્યું નથી કે ના પોતે કોઈ પ્રેરક વ્યક્તિત્વ છે એવો કોઈ દાવો કર્યો છે. એમનો મળેલું ‘મહાત્મા’નું બિરુદ પણ એમને તો પસંદ નહોતું જ. આ ‘મહાત્મા’ની ઉપાધિ પોતાને અપશબ્દ જેવી લાગે છે એવું પણ તેઓ સ્વીકારી ચૂક્યા છે. તેમ છતાં તેમનો મહાત્મા તરીકે સ્વીકારવામાં આવ્યા, ઓળખવામાં આવ્યા અને હજુ પણ ઓળખવામાં આવી રહ્યા છે એનું કારણ શું ?

કારણ એટલું જ કે એ સાવ સહજ માણસ બની રહ્યા હતા. એટલા સહજ કે આપણે એ હદનો વિચાર પણ ન કરી શકીએ, એમના જેવા બનવાની વાત તો દૂરની રહી. સામે કોઈપણ પરિસ્થિતિ હોય, કોઈપણ વ્યક્તિ હોય - ગાંધી હંમેશાં સહજ બની રહ્યા, માનવ બની રહ્યા.

સિકંદર અને પોરસની વાર્તા આપણે સાંભળી છે. પોરસ સાથે યુદ્ધ કરીને તેને પરાસ્ત કર્યા પછી સિકંદરે સવાલ કર્યો હતો કે ‘મારે તારી સાથે કેવું વર્તન કરવું જોઈએ ?’ ત્યારે પોરસે જવાબ આપ્યો હતો, ‘એક રાજા બીજા રાજા સાથે જેવું વર્તન કરે એવું તમારે મારી સાથે કરવું જોઈએ.’

ગાંધીજી આ સત્ય ‘માનવ’ના અર્થમાં સમજ્યા હતા. એક માનવ બીજા માનવ સાથે જેવું વર્તન કરે તેવું એમણે જીવનભર કર્યું, સૌ સાથે કર્યું ને એટલે જ એ સામાન્ય માનવીમાંથી મહામાનવ બની શક્યા. સહજ બનવું ક્યાં સહેલું છે !

